જા. નં. 232/EC/RO/GV/2024-25

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## Executive Council (DU) 4/2024-25 તા. 10-10-2024

આદરણીયશ્રી,

ગૂજરાત વિદ્યાપીઠની **Executive Council (DU)**ની વર્ષ 2024-25ની ચોથી બેઠક તા. **10-10-2024** ને **ગુરુવારના** રોજ **બપોરે 04-00** વાગ્યે **સમિતિકક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ,** અમદાવાદ ખાતે આદરણીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા :

| | | |
|---|---|---|
| 1. | ડૉ. હર્ષદ એ. પટેલ | : અધ્યક્ષશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |
| 2. | ડૉ. નીતિનભાઈ પેથાણી | : કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ |
| 3. | શ્રી દિલીપભાઈ ઠાકર | : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન) |
| 4. | શ્રી વિશાલભાઈ ભાદાણી | : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન) |
| 5. | ડૉ. અજયભાઈ પરીખ | : સભ્ય અને ડીનશ્રી, કમ્પ્યૂટર વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ |
| 6. | ડૉ. નીરજભાઈ શેઠ | : સભ્ય તથા ડીનશ્રી, વિજ્ઞાન અને પ્રાયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ |
| 7. | ડૉ. મંજુલાબહેન ડાભી | : સભ્ય તથા પ્રાધ્યાપકશ્રી, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| 8. | ડૉ. શેતલબહેન બડોદિયા | : સભ્ય તથા સહ-પ્રાધ્યાપકશ્રી, HRM વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| 9. | ડૉ. દિવ્યેશભાઈ પટેલ | : સભ્ય તથા મદદનીશ પ્રાધ્યાપકશ્રી, અંગ્રેજી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૦. | ડૉ. નિખિલ ભટ્ટ | : કાર્યકારી કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |

પ્રા. કનુભાઈ નાયક, સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ફોનથી જાણ કરવામાં આવી છે. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

ત્યારબાદ બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-1 : તા. 30-08-2024ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલવારીનોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-1 : તા. 30-08-2024ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા અમલનોંધને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-2 : આઠ વિદ્યાશાખાના 18 વિભાગો દ્વારા જુલાઈ 2024થી સપ્ટેમ્બર 2024 સુધી ત્રિમાસિક કામગીરીનો સમીક્ષા અહેવાલ અને વિસ્તરણ એકમોની પ્રવૃત્તિઓ અંગે.

ઠરાવ-2 : આઠ વિદ્યાશાખાના 18 વિભાગો દ્વારા જુલાઈ 2024થી સપ્ટેમ્બર 2024 સુધી ત્રિમાસિક કામગીરીનો સમીક્ષા અહેવાલ અને વિસ્તરણ એકમોની વિવિધ પ્રવૃત્તિઓની નોંધ લેવામાં આવી.

કાર્ય-3 : ગૂજરાત વિદ્યાપીઠમાં પીએચ.ડી.કરતા વિદ્યાર્થીઓની મોડાઈ ફી (Late fee)ની રકમ નક્કી કરવા અંગે.

ઠરાવ-3 : ગૂજરાત વિદ્યાપીઠ પીએચ.ડી. અધિનિયમ 2022 મુજબ મોડાઈ ફી બમણી ફી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. તેમાં સુધારો કરી તા. 15-07-2024થી મહત્તમ રૂ. 1000/- મોડાઈ ફી (મહત્તમ પંદર દિવસ સુધી) નક્કી કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 : તા. ૨૯-૦૬-૨૦૨૪ના રોજ મળેલ Executive Councilના ઠરાવ નં. 3 અનુસાર એકેડેમિક કેલેન્ડરને મળેલ મંજૂરી અન્વયે શૈક્ષણિક વિભાગોને દિવાળી વેકેશનનો લાભ આપવા અંગે.

ઠરાવ-4 : તા. ૨૯-૦૬-૨૦૨૪ના રોજ મળેલ Executive Councilના ઠરાવ નં. 3 અનુસાર એકેડેમિક કેલેન્ડરને મળેલ મંજૂરી અન્વયે શૈક્ષણિક કર્મચારીઓને દિવાળી વેકેશનનો લાભ આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 : APAR (ABD) IDમા વર્ષ 2021-22મા 847, 2022-23મા 951, 2023-24માં 831 તથા 2024-25માં 992 વિદ્યાર્થીઓની નોંધણીની સંખ્યા અંગે.

ઠરાવ-5 : APAR (ABD) IDમા વર્ષ 2021-22મા 847, 2022-23મા 951, 2023-24માં 831 તથા 2024-25માં 992 વિદ્યાર્થીઓની નોંધણીની સંખ્યાની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-6 : ગૂજરાત વિદ્યાપીઠ (DU)ના વર્ષ 2023-24ના ઑડિટેડ વાર્ષિક હિસાબોને બહાલી આપવા અગે.

ઠરાવ-6 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 469થી કરવામાં આવેલ ભલામણને આધારે ગૂજરાત વિદ્યાપીઠ (DU)ના વર્ષ 2023-24ના ઑડિટેડ વાર્ષિક હિસાબોને બહાલી આપવામાં આવી.

કાર્ય-7 : યુ.જી.સી દ્વારા મંજૂર કરવામાં આવેલી 12મી પંચવર્ષીય યોજનાના હિસાબોમાં રહેલી ગ્રાન્ટની જમા બાકી તથા નિભાવ ગ્રાન્ટના હિસાબોમાં કેપિટલ ગ્રાન્ટમાં રહેલી ઉધાર બાકી સામે સરભર કરવા બાબતે સ્ટેચ્યુટરી ઓડિટરશ્રીની નોંધ.

ઠરાવ-7 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 470થી કરવામાં આવેલ ભલામણને આધારે યુ.જી.સી દ્વારા મંજૂર કરવામાં આવેલી 12મી પંચવર્ષીય યોજનાના હિસાબોમાં રહેલી ગ્રાન્ટની જમા બાકી તથા નિભાવ ગ્રાન્ટના હિસાબોમાં કેપિટલ ગ્રાન્ટમાં રહેલી ઉધાર બાકી સામે સરભર કરવા બાબતે સ્ટેચ્યુટરી ઓડિટરશ્રીની નોંધને આધારે તા. 31-03-2024ના ગૂજરાત વિદ્યાપીઠ (ડીયુ)ના ઓડિટેડ સ્ટેટમેન્ટ અનુસાર નોન-રીકરીંગ ગ્રાન્ટ ખાતે ઉધાર બાકી રૂ. 285.95 લાખ સામે સરભર કરવા અને તેની જાણ યુ.જી.સી.ને કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-8 : ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી)ના વર્ષ 2024-25ના સુધારેલા અંદાજપત્ર (Revised Estimates – RE) તથા વર્ષ 2025-26ના અંદાજપત્ર (Budgeted Estimates - BE)ને મંજૂર કરવા ભલામણ કરવા બાબત તથા યુ.જી.સી. અને ભારત સરકારના શિક્ષણ વિભાગને મોકલાવેલા અંદાજોને ધ્યાને લેવા અંગે.

ઠરાવ-8 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 471થી કરવામાં આવેલ ભલામણને આધારે ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી)ના વર્ષ 2024-25ના સુધારેલા અંદાજપત્ર (Revised Estimates – RE) તથા વર્ષ 2025-26ના અંદાજપત્ર (Budgeted Estimates - BE)ને મંજૂર કરવામાં આવ્યા તથા યુ.જી.સી. અને ભારત સરકારના શિક્ષણ વિભાગને મોકલાવેલા અંદાજોને ધ્યાને લેવામાં આવ્યા.

કાર્ય-9 : બાંધકામ શાખા દ્વારા વર્ષ 2024-25માં કરવાના કામ અંગે આવેલી નોંધ.

(1) છાત્રાલયો, શૈક્ષણિક વિભાગો તથા કાર્યાલયોમાં જ્યાં પણ સાદા સિલિંગ ફેન છે તેની જગ્યાએ BLDC પંખા ખરીદવા અંગે – અંદાજી ખર્ચ રૂ. 45,00,000/-
(2) બ્લોક નં-3 નો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરવાનો હોઇ તેની મરામત તથા રીનોવેશન – અંદાજી ખર્ચ રૂ. 15,00,000/-
(3) બ્લોક નં-6 સ્ટુડન્ટ સપોર્ટ, કલ્ચરલ એન્ડ વેલફેર (SSCW) ના મકાન પાસે પેવર બ્લોક નાખવા અંગે – અંદાજી ખર્ચ રૂ, 7,00,000/-
(4) અમદાવાદ પરિસર ઉપર 50 વોટની બોલાર્ડ લાઇટ (સ્ટ્રીટ લાઇટ) લગાવવા અંગે – અંદાજી ખર્ચ રૂ. 7,00,000/- (વિકાસ વિભાગ દ્વારા)

ઠરાવ-9 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 472થી કરવામાં આવેલ ભલામણને આધારે બાંધકામ શાખા દ્વારા વર્ષ 2024-25માં કરવાના કામ અંગે આવેલી નોંધ મુજબ નીચે દર્શાવ્યા પ્રમાણે ખર્ચ મંજૂર કરવામાં આવ્યો.

(1) છાત્રાલયો, શૈક્ષણિક વિભાગો તથા કાર્યાલયોમાં જ્યાં પણ સાદા સિલિંગ ફેન છે તેની જગ્યાએ BLDC પંખા ખરીદવા અંગે – અંદાજી ખર્ચ રૂ. 45,00,000/-
(2) બ્લોક નં-3 નો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરવાનો હોઇ તેની મરામત તથા રીનોવેશન – અંદાજી ખર્ચ રૂ. 15,00,000/-
(3) બ્લોક નં-6 - સ્ટુડન્ટ સપોર્ટ, કલ્ચરલ એન્ડ વેલફેર (SSCW) ના મકાન પાસે પેવર બ્લોક નાખવા અંગે – અંદાજી ખર્ચ રૂ, 7,00,000/-
(4) અમદાવાદ પરિસર ઉપર 50 વોટની બોલાર્ડ લાઇટ (સ્ટ્રીટ લાઇટ) લગાવવા અંગે – અંદાજી ખર્ચ રૂ. 7,00,000/- (વિકાસ વિભાગ દ્વારા)

કાર્ય-10 : પ્રોવિડન્ટ ફંડના ખાતાના હિસાબો અંગે.

(1) શ્રી બચુભાઇ બરંડાને પેન્શન યોજનાનો લાભ આપ્યો હોઇ તેમના પ્રોવિડન્ટ ફંડ સંસ્થા ફાળાની તા.31-03-2022ના રોજ જમા રહેતી રકમ રૂ. 10,58,379 ઉચ્ચ શિક્ષણના હિસાબોમાં જમા આપવા તથા તેમના ખાતામાં બાકી રહેતી રકમ પ્રો. ફંડ અનામતમાં ફેરવવા અંગે.

(2) સ્વ. શ્રી કાન્તિભાઇ વી. પરમારને પેન્શન યોજનાનો લાભ આપ્યો હોઇ તેમના પ્રોવિડન્ટ ફંડ સંસ્થા ફાળાની રકમ તા.31-03-2024ના રોજ જમા રૂ. 27,556 ઉચ્ચ શિક્ષણના હિસાબોમાં જમા આપવા અંગે.

(3) શ્રી અશોકભાઇ હ. ત્રિવેદી, (ગૂજરાત વિદ્યાપીઠની સેવામાંથી બરતરફ કર્યા તા. 09-12-1998)ના ખાતે ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ચોપડે પૂણી વેચાણના તફાવતની રકમ રૂ. 50, 416 ઉધાર બાકી હતી. જ્યારે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે તા. 31-03-2024ના રોજ રૂ. 3,24,527 (વ્યાજ સહિત) જમા અને પ્રોવિડન્ટ ફંડ લોનના રૂ. 7938 ઉધાર બોલે છે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે લોનના રૂ. 7938 ઉધારી બાકીની તફાવતની રકમ ગૂજરાત વિદ્યાપીઠ મંડળને તબદિલ કરવા અંગે

(4) સ્વ. શ્રી અરવિંદભાઇ શંકરભાઇ પટેલને ગૂજરાત વિદ્યાપીઠની સેવામાંથી તા. 16-01-2003 ના રોજ બરતરફ કર્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ચોપડે તેમના ખાતે રૂ. 1,64,685 લેણાં બોલે છે જ્યારે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે તા. 31-03-2024ના રોજ રૂ.1,83,262 (વ્યાજ સહિત) જમા બોલે છે જે તેમના લેણાં ખાતે સરભર કરવા અંગે.

(5) સ્વ. શ્રી ઉત્તમચંદાણીને નામદાર ગૂજરાત હાઇકોર્ટના આદેશ બાદ તા.22-05-2003ના રોજ રૂ. 2,00,000/- ઉચ્ચ શિક્ષણ ખાતે ખર્ચ ઉધારીને ચૂકવવામાં આવ્યા હતા. તેમની નિવૃત્તિ બાદ તેમને નિવૃત્તિના લાભની રકમમાંથી અગાઉ ચૂકવેલી રકમ તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી વસૂલ લેવામાં આવી હતી, પરંતુ તે સમયે તે રકમ ઉચ્ચ શિક્ષણ ખાતે ફેરવવામાં આવી ન હતી. આ રકમ તા.31-03-2024ના રોજ વ્યાજસહિત રૂ.9,00,109 થાય છે જે ઉચ્ચ શિક્ષણ ખાતે ફેરવવા અંગે

(6) શ્રી મનીષભાઇ આર. ધોળકીયાએ વર્ષ 1993-94માં વિદ્યાપીઠની સેવામાંથી રાજીનામું આપ્યું હતું. તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તા.31-03-2024ના રોજ રૂ. 32,611 (વ્યાજ સહિત) જમા બોલે છે. હાલ તેમનો કોઇ સંપર્ક નથી. આ રકમ પ્રોવિડન્ટ ફંડ અનામત ખાતે ફેરવવા અંગે.

(7) શ્રી અતુલભાઇ ત્રિપાઠી તા.26-02-1996થી તા. 23-11-2007 દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠ, ઇતિહાસ વિભાગમાં અધ્યાપક તરીકે સેવાઓ આપતા હતા. તા. 24-11-2007થી તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જોડાયા હતા. શરૂઆતમાં તેઓ લીયન ઉપર ગયા હતા તેથી તેમની તા.24-11-2007 થી તા. 16-11-2009 દરમ્યાનની સેવાઓ પ્રતિનિયુક્તિના ધોરણે ગણીને પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ રૂ. 2,45,442/- તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે ઉધારીને ઉ.શિ.માં પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશન તરીકે તા. 13-07-2012ના રોજ જમા કરવામાં આવી હતી. બાદમાં શ્રી ત્રિપાઠી બીએચયુમાં તા.24-11-2007 થી Absorb થયા હોઇ ત્યાર પછીના સમયગાળા માટે પેન્શન કોન્ટ્રીબ્યુશન

અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ લેવાની રહેતી ન હતી તેથી અગાઉ તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ રૂ. 2,45,442/- કપાત કરી હતી તે રકમ ઉચ્ચ શિક્ષણ સેલેરી ગ્રાન્ટ સામે ઉધારી તેમને પરત ચૂકવવાની થાય છે.

ઠરાવ-10 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 473થી કરવામાં આવેલ ભલામણને આધારે નીચેના કામોને બહાલી આપવામાં આવી.

(1) શ્રી બચુભાઇ બરંડાને પેન્શન યોજનાનો લાભ આપ્યો હોઇ તેમના પ્રોવિડન્ટ ફંડ સંસ્થા ફાળાની તા.31-03-2022ના રોજ જમા રહેતી રકમ રૂ. 10,58,379 ઉચ્ચ શિક્ષણના હિસાબોમાં જમા આપવા તથા તેમના ખાતામાં બાકી રહેતી રકમ પ્રો. ફંડ અનામતમાં ફેરવવા અંગે.

(2) સ્વ. શ્રી કાન્તિભાઇ વી. પરમારને પેન્શન યોજનાનો લાભ આપ્યો હોઇ તેમના પ્રોવિડન્ટ ફંડ સંસ્થા ફાળાની રકમ તા.31-03-2024ના રોજ જમા રૂ. 27,556 ઉચ્ચ શિક્ષણના હિસાબોમાં જમા આપવા અંગે.

(3) શ્રી અશોકભાઇ હ. ત્રિવેદી, (ગૂજરાત વિદ્યાપીઠની સેવામાંથી બરતરફ કર્યા તા. 09-12-1998)ના ખાતે ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ચોપડે પૂણી વેચાણના તફાવતની રકમ રૂ. 50, 416 ઉધાર બાકી હતી. જ્યારે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે તા. 31-03-2024ના રોજ રૂ. 3,24,527 (વ્યાજ સહિત) જમા અને પ્રોવિડન્ટ ફંડ લોનના રૂ. 7938 ઉધાર બોલે છે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે લોનના રૂ. 7938 ઉધારી બાકીની તફાવતની રકમ ગૂજરાત વિદ્યાપીઠ મંડળને તબદિલ કરવા અંગે

(4) સ્વ. શ્રી અરવિંદભાઇ શંકરભાઇ પટેલને ગૂજરાત વિદ્યાપીઠની સેવામાંથી તા. 16-01-2003 ના રોજ બરતરફ કર્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ચોપડે તેમના ખાતે રૂ. 1,64,685 લેણાં બોલે છે જ્યારે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે તા. 31-03-2024ના રોજ રૂ.1,83,262 (વ્યાજ સહિત) જમા બોલે છે જે તેમના લેણાં ખાતે સરભર કરવા અંગે.

(5) સ્વ. શ્રી ઉત્તમચંદાણીને નામદાર ગૂજરાત હાઇકોર્ટના આદેશ બાદ તા.22-05-2003ના રોજ રૂ. 2,00,000/- ઉચ્ચ શિક્ષણ ખાતે ખર્ચ ઉધારીને ચૂકવવામાં આવ્યા હતા. તેમની નિવૃત્તિ બાદ તેમને નિવૃત્તિના લાભની રકમમાંથી અગાઉ ચૂકવેલી રકમ તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી વસૂલ લેવામાં આવી હતી, પરંતુ તે સમયે તે રકમ ઉચ્ચ શિક્ષણ ખાતે ફેરવવામાં આવી ન હતી. આ રકમ તા.31-03-2024ના રોજ વ્યાજસહિત રૂ.9,00,109 થાય છે જે ઉચ્ચ શિક્ષણ ખાતે ફેરવવા અંગે

(6) શ્રી મનીષભાઇ આર. ધોળકીયાએ વર્ષ 1993-94માં વિદ્યાપીઠની સેવામાંથી રાજીનામું આપ્યું હતું. તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તા.31-03-2024ના રોજ રૂ. 32,611 (વ્યાજ સહિત) જમા બોલે છે. હાલ તેમનો કોઇ સંપર્ક નથી. આ રકમ પ્રોવિડન્ટ ફંડ અનામત ખાતે ફેરવવા અંગે.

(7) શ્રી અતુલભાઇ ત્રિપાઠી તા.26-02-1996થી તા. 23-11-2007 દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠ, ઇતિહાસ વિભાગમાં અધ્યાપક તરીકે સેવાઓ આપતા હતા. તા. 24-11-2007થી તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જોડાયા હતા. શરૂઆતમાં તેઓ લીયન ઉપર ગયા હતા તેથી તેમની તા.24-11-2007 થી તા. 16-11-2009 દરમ્યાનની સેવાઓ પ્રતિનિયુક્તિના ધોરણે

ગણવામાં આવી હતી. બી. એચ.યુ. માથી તેમના પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ વિદ્યાપીઠને મળી ન હતી. તેથી જે તે સમયે બી. એચ.યુ. પાસેથી લેવાની થતી પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ રૂ. 2,45,442/- શ્રી અતુલભાઈ ત્રિપાઠીના પ્રોવિડન્ટ ફંડ ખાતે ઉધારીને ઉચ્ચ શિક્ષણના હિસાબોમાં (ગ્રાન્ટમાં) પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશન તરીકે તા. 13-07-2012ના રોજ જમા કરવામાં આવ્યા હતા. બાદમાં શ્રી અતુલભાઈ ત્રિપાઠી બીએચયુમાં તા.24-11-2007 થી Absorb થયા હોઇ ત્યાર પછીના સમયગાળા માટે પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ લેવાની રહેતી ન હતી. તેથી અગાઉ તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ રૂ. 2,45,442/- કપાત કરી ઉચ્ચ શિક્ષણ સેલેરી ગ્રાન્ટ સામે ઉધારી તેમને પરત ચૂકવવામાં આવી છે, તેને બહાલી આપવા અંગે.

કાર્ય-11 : પ્રોવિડન્ટફંડ સામે ઉપાડ મેળવવા આવેલી અરજીઓ બાબત.

(1) પ્રો. વિજયભાઇ મકવાણા, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા રૂ. 1,60,000/-

(2) શ્રી જગદીશભાઇ પરીખ, ગ્રંથાલય, અમદાવાદ રૂ.1,00,000/-

ઠરાવ-11 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 474થી કરવામાં આવેલ ભલામણને આધારે નીચે દર્શાવેલ સેવકોની પ્રોવિડન્ટફંડ (PF) સામે રકમની ઉપાડ માટેની અરજીને મંજૂરી આપવામાં આવી.

(1) પ્રો. વિજયભાઇ મકવાણા, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા રૂ. 1,60,000/-

(2) શ્રી જગદીશભાઇ પરીખ, ગ્રંથાલય, અમદાવાદ રૂ.1,00,000/-

કાર્ય-12 : તા. 26-07-2024 તથા તા.17-09-2024ના રોજ મળેલી ગૂજરાત વિદ્યાપીઠ (DU) Writing Off Committee ના અહેવાલને બહાલી આપવા અંગે.

ઠરાવ-12 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 475થી કરવામાં આવેલ ભલામણને આધારે તા. 26-07-2024 તથા તા.17-09-2024ના રોજ મળેલી ગૂજરાત વિદ્યાપીઠ (DU) Writing Off Committee ના અહેવાલને બહાલી આપવામાં આવી.

કાર્ય-13 : મુખ્ય કાર્યાલયમાં ફરજ બજાવતા સેવક શ્રી દિનેશકુમાર દવે તા. 27-10-2016ના રોજ નિવૃત્ત થયા ત્યારે તેમના નિવૃત્તિ લાભમાંથી ઓડિટ વાંધાની રકમ રૂ.1,80,000 વસૂલ કરવામાં આવ્યા હતા. આ રકમ ગૂજરાત વિદ્યાપીઠ (DU)ના હિસાબોમાં ક્રેડિટર્સના મથાળા હેઠળ જમા બોલે છે. શ્રી દિનેશભાઈ દવેનું અવસાન થયું છે અને કોઇ કોર્ટ કેસ પેન્ડીંગ નથી આ સંજોગોમાં તેમની પાસેથી વસૂલ લીધેલી રકમ પગારગ્રાન્ટ સામે જમા લેવા અંગે.

ઠરાવ-13 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 476થી કરવામાં આવેલ ભલામણને આધારે મુખ્ય કાર્યાલયમાં ફરજ બજાવતા સેવક શ્રી દિનેશકુમાર દવેના પગારમાંથી વસૂલ લીધેલી રકમ પગારગ્રાન્ટ સામે જમા લેવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-14 : જીએફઆર 2017 તથા ટ્રસ્ટ એક્ટને ધ્યાનમાં લઇને નીચેની વિગતે જૂના રેકર્ડનો નિકાલ કરવામાં આવી રહ્યો છે તેને બહાલી આપવા અંગે.

(1) વર્ષ 2011-12 અને તે પહેલાના ઉચ્ચ શિક્ષણ, મંડળ અને વિકાસ યોજનાના વાઉચર્સ તથા રસીદો (પહોંચ બુક્સ)

(2) વર્ષ 2011-12 અને તે પહેલા કરેલો બેંક સાથેનો પત્ર વ્યવહાર, બેંક સ્ટેટમેન્ટસ, કાઉન્ટર ફોઇલ્સ, ચેક રજીસ્ટર, પાસબુક, બેંક રિકન્સિસિએશન વગેરે

(3) વર્ષ 2016-17 અને તે પહેલાના ટપાલ રજીસ્ટર

(4) વર્ષ 2021-22 અને તે પહેલા સેવકોએ આપેલા ટીડીએસ અંગેના વિકલ્પ, સેવક સાથે ટીડીએસ સંદર્ભે થયેલો પત્રવ્યવહાર

(5) વર્ષ 2011-12 અને તે પહેલાના મેડિકલ બીલ્સ, ચિલ્ડ્રન એજ્યુકેશન એલાઉન્સ અંગેના બીલ્સ.

ઠરાવ-14 : જીએફઆર 2017 તથા ટ્રસ્ટ એક્ટને ધ્યાનમાં લઇને નીચે દર્શાવેલ જૂના રેકર્ડનો નિકાલ કરવા બહાલી આપવામાં આવી.

(1) વર્ષ 2011-12 અને તે પહેલાના ઉચ્ચ શિક્ષણ, મંડળ અને વિકાસ યોજનાના વાઉચર્સ તથા રસીદો (પહોંચ બુક્સ)

(2) વર્ષ 2011-12 અને તે પહેલા કરેલો બેંક સાથેનો પત્ર વ્યવહાર, બેંક સ્ટેટમેન્ટસ, કાઉન્ટર ફોઇલ્સ, ચેક રજીસ્ટર, પાસબુક, બેંક રિકન્સિસિએશન વગેરે

(3) વર્ષ 2016-17 અને તે પહેલાના ટપાલ રજીસ્ટર

(4) વર્ષ 2021-22 અને તે પહેલા સેવકોએ આપેલા ટીડીએસ અંગેના વિકલ્પ, સેવક સાથે ટીડીએસ સંદર્ભે થયેલો પત્રવ્યવહાર

(5) વર્ષ 2011-12 અને તે પહેલાના મેડિકલ બીલ્સ, ચિલ્ડ્રન એજ્યુકેશન એલાઉન્સ અંગેના બીલ્સ.

કાર્ય-15 : તા.30-08-2024ના રોજ મળેલી ગૂજરાત વિદ્યાપીઠ (DU)ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં વિવિધ પ્રવૃત્તિ માટે મંજૂર કરવામાં આવેલા ખર્ચની નોંધ લેવા અંગે.

ઠરાવ-15 : તા.30-08-2024ના રોજ મળેલી ગૂજરાત વિદ્યાપીઠ (DU)ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં નીચે દર્શાવેલ વિવિધ પ્રવૃત્તિ માટે મંજૂર કરવામાં આવેલા ખર્ચની નોંધ લેવામાં આવી.

| ક્રમ | વિદ્યાશાખાનું નામ | કાર્યક્રમની વિગત | અંદાજિત ખર્ચ |
|---|---|---|---|
| 1. | વ્યવસ્થાપન વિદ્યાશાખા | યુવા મહોત્સવ | રૂ. 5 લાખ |
| 2. | કમ્પ્યૂટર વિદ્યાશાખા | ગાંધી ગ્રામજીવન પદયાત્રા | રૂ. 1 કરોડ |
| 3. | સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા | સ્થાપના દિવસ | રૂ. 5 લાખ |
| 4. | વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા | ગાંધીજયંતી અને રેંટિયાબારસ | રૂ. 50 હજાર |
| 5. | ભાષાઓ સાહિત્ય વિદ્યાશાખા | મહાદેવ દેસાઈ પુરસ્કાર | રૂ. 70 હજાર |

કાર્ય-16 : તા. 31-01-2025ના રોજ નિવૃત્ત થનાર સહપ્રાધ્યાપક ડૉ. અરુણભાઈ મ. ગાંધીને તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા રહેલી અંદાજી રકમ રૂ. 43,32,300/- ચૂકવવા અંગે.

ઠરાવ-16 : તા. 01-10-2024ના રોજ મળેલ નાણાં સમિતિના ઠરાવ નં. 479થી કરવામાં આવેલ ભલામણને આધારે તા. 31-01-2025ના રોજ નિવૃત્ત થનાર સહપ્રાધ્યાપક ડૉ. અરુણભાઈ મ. ગાંધીને નિયમોનુસાર પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા રહેલી રકમ ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-17 : શ્રી વિનોદભાઈ ડી. વણકર (ટેકનિશિયન - ગ્રેડ-II, વિકાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ)ની તા.14-09-2024ની સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ મંજૂર કરવા તથા તેઓની સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ મંજૂર થતાં સ્વૈચ્છિક સેવા નિવૃત્તિના અંદાજિત લાભોમાં ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 12,91,050/-, રજાનું રોકડમાં રૂપાંતરની રકમ રૂ. 9,06,000/- તથા તા. 01-10-2024થી પેન્શન પ્રતિમાસ રૂ. 30,200/- મોંઘવારી ભથ્થાઓ સાથે ચૂકવવા બાબત.

ઠરાવ-17 : શ્રી વિનોદભાઈ ડી. વણકરે (ટેકનિશિયન - ગ્રેડ-II, વિકાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ)આપેલ સ્વૈચ્છિક સેવાનિવૃત્તિને બહાલી આપવા તથા તેમના અંદાજિત લાભોમાં ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 12,91,050/-, રજાનું રોકડમાં રૂપાંતરની રકમ રૂ. 9,06,000/- તથા તા. 01-10-2024થી પેન્શન પ્રતિમાસ રૂ. 30,200/- મોંઘવારી ભથ્થાઓ સાથે મળવાપાત્ર થશે, તે પ્રમાણે ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-18 : શ્રી કલ્યાણસિંહ દામસિંહ પરમાર (વાયરમેન, એસ્ટેટ શાખા, ગૂજરાત વિદ્યાપીઠ)ની તા.31-12-2024થી સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ મંજૂર કરવા તથા સ્વૈચ્છિક સેવા નિવૃત્તિ મંજૂર થતાં સાતમા પગારપંચ મુજબ મળવાપાત્ર અંદાજિત રકમ રૂ. 25,59,557/- (રૂ. 8,73,932/- કોમ્યુટેશન રકમ, રૂ. 10,76,625/- ગ્રેજ્યુઈટી અને રૂ. 6,09,000 રજાનું રોકડમાં રૂપાંતર) તથા તા. 01-01-2025થી પેન્શન પ્રતિમાસ રૂ. 13,050 મળવાપાત્ર ભથ્થાઓ સાથે ચૂકવવાની મંજૂરી બાબત.

ઠરાવ-18 : શ્રી કલ્યાણસિંહ દામસિંહ પરમાર (વાયરમેન, એસ્ટેટ શાખા, ગૂજરાત વિદ્યાપીઠ)ની સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ મંજૂર કરવા તથા સ્વૈચ્છિક સેવા નિવૃત્તિ મંજૂર થતાં સાતમા પગારપંચ મુજબ કામચલાઉ ગણતરીપત્રક મુજબ મળવાપાત્ર અંદાજિત રકમ રૂ. 25,59,557/- (રૂ. 8,73,932/- કોમ્યુટેશન રકમ, રૂ. 10,76,625/- ગ્રેજ્યુઈટી અને રૂ. 6,09,000 રજાનું રોકડમાં રૂપાંતર) તથા તા. 01-01-2025થી પેન્શન પ્રતિમાસ રૂ. 13,050 મળવાપાત્ર ભથ્થાઓ સાથે ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-19 : ડૉ. મયૂરીબહેન ફાર્મર (પ્રાધ્યાપક-CAS, ગ્રામવ્યવસ્થાપન વિભાગ, વ્યવસ્થાપન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ)ની સ્વૈચ્છિક સેવા નિવૃત્તિના અંદાજિત લાભોમાં કોમ્યુટેશન રકમ રૂ. 41,79,145, ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 25,00,000/- રજાનું રોકડમાં રૂપાંતરની રકમ રૂ. 29,79,030/- તથા તા. 01-12-2024થી પેન્શન પ્રતિમાસ રૂ. 59,880/- મળવાપાત્ર ભથ્થા સાથે ચૂકવવા બાબત.

ઠરાવ-19 : તા. 30-11-2024ના રોજ કાર્યાલય સમય બાદ સ્વૈચ્છિક સેવાનિવૃત્ત થનાર ડૉ. મયૂરીબહેન ફાર્મર (પ્રાધ્યાપક-CAS, ગ્રામવ્યવસ્થાપન વિભાગ, વ્યવસ્થાપન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ)ના સ્વૈચ્છિક સેવાનિવૃત્તિના અંદાજિત લાભોમાં કોમ્યુટેશન રકમ રૂ. 41,79,145, ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 25,00,000/- રજાનું રોકડમાં રૂપાંતરની રકમ રૂ. 29,79,030/- તથા તા. 01-12-2024થી પેન્શન પ્રતિમાસ રૂ. 59,880/- મોંઘવારી રાહત સાથે મળવાપાત્ર થશે, તે પ્રમાણે ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-20 : Memorandum of Understanding (TRI-PARTITE MOU) સંદર્ભે તા. 07-10-2024ના રોજ મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, યુ.જી.સી. તથા ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે યોજાયેલ ઑનલાઈન બેઠકમાં થયેલ સૂચન અનુસાર શૈક્ષણિક તથા વૈધાનિક (કુલસચિવ, ફાયનાન્સ ઑફિસર)જગ્યાઓ નિયમોનુસાર ભરવાની પ્રક્રિયા કરવા અંગે.

ઠરાવ-20 : Memorandum of Understanding (TRI-PARTITE MOU) સંદર્ભે તા. 07-10-2024ના રોજ મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, યુ.જી.સી. તથા ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે યોજાયેલ ઑનલાઈન બેઠકમાં થયેલ સૂચન અનુસાર શૈક્ષણિક તથા વૈધાનિક (કુલસચિવ, ફાયનાન્સ ઑફિસર) જગ્યાઓ નિયમોનુસાર ભરવાની પ્રક્રિયા કરવા અને તે અંગે પસંદગી સમિતિની રચના કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવા તથા માર્ચ 2025 સુધીમાં પ્રક્રિયા પૂર્ણ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-21 : તા. 17-09-2024ના રોજ જિમ્નેશિયમ હૉલના શુભારંભની જાણ તથા તેના કુલ અંદાજિત રૂ. 3,50,000/- ખર્ચની મંજૂરી અંગે.

ઠરાવ-21 : તા. 17-09-2024ના રોજ જિમ્નેશિયમ હૉલના શુભારંભની જાણ તથા તેના કુલ અંદાજિત રૂ. 3,50,000/- ખર્ચની મંજૂરી આપવામાં આવી.

કાર્ય-22 : 17 સપ્ટેમ્બર, 2024થી 2 ઑક્ટોબર, 2024 દરમ્યાન આયોજિત 'સ્વભાવ સ્વચ્છતા – સંસ્કાર સ્વચ્છતા થકી 'સ્વચ્છતા હી સેવા 2024' કાર્યક્રમ અંતર્ગત અંદાજે કુલ 1600 વિદ્યાર્થીઓ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વોર્ડની શાળાઓમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમની જાણ તથા તેના અહેવાલ અંગે.

ઠરાવ-22 : 17 સપ્ટેમ્બર, 2024થી 2 ઑક્ટોબર, 2024 દરમ્યાન આયોજિત 'સ્વભાવ સ્વચ્છતા – સંસ્કાર સ્વચ્છતા થકી 'સ્વચ્છતા હી સેવા 2024' કાર્યક્રમ અંતર્ગત અંદાજે કુલ 1600 વિદ્યાર્થીઓ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વોર્ડની શાળાઓમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમની બેઠકમાં વિગતે માહિતી આપવામાં આવી તથા અહેવાની નોંધ લેવામાં આવી.

કાર્ય-23 : તા. 29-30 સપ્ટેમ્બર 2024 દરમ્યાન શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા તથા ખેલ, શારીરિક શિક્ષા, ફિટનેસ અને લેઝર કૌશલ્ય પરિષદ સાથે દિવ્યાંગ શક્તિ પ્રોજેક્ટ અંતર્ગત 'ટ્રેનિંગ ઑફ ટ્રેનર્સ ઇન સ્પોર્ટ્સ ફોર સ્પેશિયલ કિડ્સ' તાલીમ કાર્યક્રમ દ્વારા બી.પી.ઈ.એસ. અને બી.પી.એડ્.ના કુલ 67 વિદ્યાર્થીઓને પાંચ દિવસની તાલીમ આપવામાં આવી તેની જાણ તથા અહેવાલ અંગે.

ઠરાવ-23 : તા. 29-30 સપ્ટેમ્બર 2024 દરમ્યાન શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા તથા ખેલ, શારીરિક શિક્ષા, ફિટનેસ અને લેઝર કૌશલ્ય પરિષદ સાથે દિવ્યાંગ શક્તિ પ્રોજેક્ટ અંતર્ગત 'ટ્રેનિંગ ઑફ ટ્રેનર્સ ઇન સ્પોર્ટ્સ ફોર સ્પેશિયલ કિડ્સ' તાલીમ કાર્યક્રમ દ્વારા બી.પી.ઈ.એસ. અને બી.પી.એડ્.ના કુલ 67 વિદ્યાર્થીઓને પાંચ દિવસની તાલીમ આપવામાં આવી તેની બેઠકમાં વિગતે માહિતી આપવામાં આવી તથા અહેવાલની નોંધ લેવામાં આવી.

કાર્ય-24 : તા. 2 ઑક્ટોબર, 2024ના રોજ પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં આદરણીય કુલાધિપતિશ્રી દ્વારા 'સ્વાસ્થ્ય સમૃદ્ધિ અને સંપદા સંરક્ષણનું મહા અભિયાન કાર્યક્રમ અંતર્ગત અભિમુખતા', મહાત્મા માનપત્ર ખંડનું લોકાર્પણ તથા જમનાલાલ બજાજ કલા કક્ષ, પ્રદૂષણ રહિત પર્યાવરણ સુરક્ષિત વાહન લોકાર્પણ, ગાંધી પ્રિય ભજનની પ્રસ્તુતિ, આકાશવાણી, અમદાવાદ તથા પરિસરની સમૂહ સફાઈ વગેરે કાર્યક્રમોની જાણ અંગે.

ઠરાવ-24 : તા. 2 ઑક્ટોબર, 2024ના રોજ પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં આદરણીય કુલાધિપતિશ્રી દ્વારા 'સ્વાસ્થ્ય સમૃદ્ધિ અને સંપદા સંરક્ષણનું મહા અભિયાન કાર્યક્રમ અંતર્ગત અભિમુખતા', મહાત્મા માનપત્ર ખંડનું લોકાર્પણ તથા જમનાલાલ બજાજ કલા કક્ષ, પ્રદૂષણ રહિત પર્યાવરણ સુરક્ષિત વાહન લોકાર્પણ, ગાંધી પ્રિય ભજનની પ્રસ્તુતિ, આકાશવાણી, અમદાવાદ તથા પરિસરની સમૂહ સફાઈ વગેરે કાર્યક્રમોની બેઠકમાં વિગતે માહિતી આપવામાં આવી તથા તેની નોંધ લેવામાં આવી.

કાર્ય-25 : ગૂજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક, બિનશૈક્ષણિક સેવકો તથા વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૧૮૦ જૂથો દ્વારા ગુજરાતના અંદાજિત કુલ 18000 ગામડાંઓમાં 'ગાંધી ગ્રામજીવન પદયાત્રા' તથા લોકોમાં 'પ્રાકૃતિક ખેતી' સંદર્ભે જાગૃતિના પ્રયાસો સંદર્ભે અવગત કરવા અંગે.

ઠરાવ-25 : ગૂજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક, બિનશૈક્ષણિક સેવકો તથા વિદ્યાર્થીઓ એમ મળીને કુલ ૧૮૪૩ પદયાત્રીઓના કુલ ૧૫૦ જૂથો દ્વારા ગુજરાતનાં અંદાજિત કુલ 18000 ગામડાંઓમાં 'ગાંધી ગ્રામજીવન પદયાત્રા' તથા લોકોમાં 'પ્રાકૃતિક ખેતી' સંદર્ભે જાગૃતિના પ્રયાસો કરવામાં આવશે. આ સંદર્ભે તા. 02-10-2024ના રોજ આદરણીય કુલાધિપતિશ્રી દ્વારા 'સ્વાસ્થ્ય સમૃદ્ધિ અને સંપદા સંરક્ષણનું મહા અભિયાન' કાર્યક્રમ અંતર્ગત સેવકો તથા વિદ્યાર્થીઓને 'પ્રાકૃતિક ખેતી' સંદર્ભે અભિમુખ કરવામાં આવ્યા. તા. 03-10-2024થી તા. 07-10-2024 દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષયતજ્જ્ઞો દ્વારા સેવકો તથા વિદ્યાર્થીઓને 'પ્રાકૃતિક ખેતી' અંગે સૈદ્ધાતિક તથા પ્રાયોગિક તાલીમ આપવામાં આવી.

કાર્ય-26 : તા. 18 ઑક્ટોબર, 2024ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના 104મા સ્થાપના દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોની ઉજવણી અંગે.

ઠરાવ-26 : તા. 18 ઑક્ટોબર, 2024ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના 104મા સ્થાપના દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોની ઉજવણી બાબતે બેઠકમાં વિગતે માહિતી આપતા જણાવવામાં આવ્યું કે તા. 18 ઑક્ટોબર 2024ના રોજ ધ્વજવંદન કાર્યક્રમ તથા ગૂજરાત વિદ્યાપીઠનો ઇતિહાસ – વર્તમાન તથા ભવિષ્ય સંદર્ભે ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ પોતાના વિચારો રજૂ કરશે. ગૂજરાતના પૂર્વ કુલનાયકશ્રીઓ દ્વારા 'સ્વતંત્રતા અને ગૂજરાત વિદ્યાપીઠ',

'શિક્ષણ અને ગૂજરાત વિદ્યાપીઠ', 'સ્વાવલંબન અને ગૂજરાત વિદ્યાપીઠ' તથા 'સામાજિક નિસબત અને ગૂજરાત વિદ્યાપીઠ' વગેરે વિષયો પર જૂથચર્ચા કરવામાં આવશે. તા. 19-10-2024ના રોજ આદરણીય કુલાધિપતિશ્રીની ઉપસ્થિતિમાં પુસ્તિકા વિમોચન, 'પરિપાટી' પુસ્તક વિમોચન, ગૂજરાત વિદ્યાપીઠ ડાયનેમિક નવી વેબસાઈટ લોન્ચિંગ વગેરે કાર્ય તથા પદયાત્રાની પ્રથમ ચાર ટુકડીઓને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવશે.

કાર્ય-27 : ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પલિયડનગર પરિસરમાં કુદરતી ઉપચાર કેન્દ્ર શરૂ કરવા અંગે.

ઠરાવ-27 : ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પલિયડનગર પરિસરમાં કુદરતી ઉપચાર કેન્દ્ર શરૂ કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-28 : ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરના મકાન નં. 36/5, 36/6 અને 36/7 અંગે નામદાર કોર્ટનો ચુકાદો માન્ય રાખવા બાબતે તથા આગળની કાર્યવાહી કરવા અંગે.

ઠરાવ-28 : નામદાર કોર્ટનો માન્ય ચુકાદો આવે ત્યાર પછી ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરના મકાન નં. 36/5, 36/6 અને 36/7ને ખાલી કરાવવાની મંજૂરી કુલસચિવશ્રીને આપવામાં આવી.

તા. 07-11-2024

(ડૉ. નિખિલ ભટ્ટ)
ઇન્ચાર્જ કુલસચિવ